# <u>કે.વિ.કે. દેવાતજ ખાતે "પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધી યોજના" અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે માન. કુલપતિશ્રી, ડો. કે. બી. કથીરીયા સાહેબના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પ્રધાનમંત્રી કિશાન સમ્માન નિધી યોજના" અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ અને જિલ્લા ખેતીવાડી ખાતુ, આણંદના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવેલ હતો. આ કાર્યક્રમમાં ૯૬ ખેડુતો તેમજ ૩૨ વિસ્તરણ અધિકારીશ્રી હાજર રહ્યા હતા. ઉપરોક્ત કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રીમતિ પાર્વતીબેન પરમાર, પ્રમુખશ્રી, તાલુકા પંચાયત, સોજીત્રા; શ્રી સતિષભાઇ સોલંકી, ઉપપ્રમુખશ્રી, તાલુકા પંચાયત, સોજીત્રા; શ્રી કિશોરભાઇ પટેલ, ચેરમેન, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, સોજીત્રા, ડૉ. ચિંતનભાઇ પટેલ, જિલ્લા ખેતી નિયામક, આણંદ, શ્રી પ્રિતેશભાઇ પટેલ, તાલુકા અમલીકરણ અધિકારી, પેટલાદ; શ્રી કૃણાલભાઇ દાણી, મદદનીશ ખેતી નિયામક, ખંભાત વગેરે હાજર રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. વાય. સી. લકુમ દ્વારા ઉપસ્થિત સર્વેનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ તેઓએ ભારત સરકારશ્રી દ્વારા ઉજવવામાં આવતા આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ અંતર્ગત વિવિધ હલકા ધાન્ય પાકો વિશે માહિતી આપી હતી. ડૉ. ચિંતનભાઇ પટેલ, જિલ્લા ખેતી નિયામક, આણંદએ કૃષિ ખાતાકીય વિવિધ યોજનાઓ વિશે માહિતી આપી અને દરેક ગામદીઠ ૭૫ ખેડુત પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત પ્રાકૃતિક કૃષિ અપનાવવા ભલામણ કરેલ અને પ્રાકૃતિક કૃષિના ફાયદાઓ વિષે માહિતી આપી. ત્યારબાદ કેન્દ્રીય કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં જીવંત પ્રસારણનું આયોજન કરેલ જેમાં દેશના માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી સાહેબે બેલાગવી, કર્ણાટકથી પ્રધાનમંત્રી કિશાન યોજનાના 13મા હપ્તા અંતર્ગત દેશના આઠ કરોડથી વધારે ખેડૂતોના બેન્ક ખાતામાં સોળ હજાર કરોડ રૂપિયાથી વધારેની રકમ સીધી ટ્રાન્સફર કરી હતી જેનું જીવંત પ્રસારણ હાજર રહેલ ખેડુતો અને વિસ્તરણ કાર્યકરો દ્વારા નિહાળવામાં આવ્યુ હતુ.

અત્રેના કેન્દ્રના શ્રી જે. એચ. ભટ્ટ, વૈજ્ઞાનિક (ફીશરીઝ) દ્વારા સમગ્ર પ્રોગ્રામનું આયોજન અને સંચાલન કરવામા આવેલ હતુ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>







